# ડીંડોલી, પોલીસ સ્ટેશન વિસ્તારના શરીર સબંધી તથા આર્મસ એક્ટના ગુનામા નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી ડીંડોલી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફની ટીમ

મે.સયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન–૧ સાહેબ નાઓની સુચનાથી તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'બી' ડીવીઝન સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ ડીંડોલી પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી બી.એમ.પાટીદાર નાઓની આગેવાની હેઠળ ડીંડોલી પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફના પો.સ.ઇ. એચ.એસ.રાવત સાથે પોલીસ માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોઇ અનીચ્છનીય બનાવ ન બને તેમજ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. આનંદ રત્નાભાઇ તથા અ.પો.કો. દિનેશ અમૃતભાઇ નાઓને સંયુકત-ખાનગી બાતમીના આધારે બાતમી હકીકત મળેલ કે ડીંડોલી પોલીસ સ્ટેશનના ખુનની કોશીષના ગુનામા સંડોવાયેલ આરોપી વિક્કી રાજપુત નવાગામ ભીમનગર ગરનાળા પાસે આવવાનો છે જે બાતમીના આધારે આરોપી કલ્પેશ @ વિક્કી રાજપુત ગજેન્દ્રસીંગ ગીરાશે ઉ.વ.૨૬ ધંધો-બેકાર રહે. ઘર નં.૩૭, ગોવર્ધનનગર-૧, શીવહીરાનગર પાસે નવાગામ, ડીંડોલી, સુરત મુળરહે. બોરટેકગામ તા. અમલનેર જિ. જલગાંવ (મહારાષ્ટ્ર) વાળાને પકડી પાડી (૧) ડીંડોલી પો. સ્ટે. I ગુ.ર.નં. ૨૧૩/૧૮ ઇ.પી.કો. ૩૦૭,૧૪૩,૧૪૭,૧૪૯,૩૨૬,૩૨૩,૫૦૬(૨),૧૧૪ મુજબ તથા G.P. A.C.T-૧૩૫ વિગેરે મુજબના ગુનામા તા.૧૯/૦૬/૨૦૧૯ ના કલાક ૦૦/૪૦ વાગે અટક કરેલ છે. મજકુર આરોપી ડીંડોલી પો.સ્ટે. II ગુ.ર.નં. ૧૨૬/૨૦૧૯ આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)એ, તથા જી.પી.એક્ટ કલમ.૧૩૫ મુજબના ગુનામા નાસતો ફરતો છે.